રાજય તાલુકા જીલ્લા કક્ષાના શ્રેષ્ઠ
પ્રાથમિક/ખાનગી/માધ્યમિક શિક્ષકોને એવોર્ડ
આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૪૧૪/૧૨૨૨/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૧૧/૦૮/૨૦૧૪

**વંચાણમાં લીધો:-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૭/૮/૨૦૦૭ નો ઠરાવ ક્ર-પીઆરઇ/૧૧૦૭/૬૦૩/ક
(૨) શિક્ષણ વિભાગનો તા. ૫/૩/૧૧ નો ઠરાવ ક્ર-પીઆરઇ/૧૧૦૯/૫૨૯/ક
(૩) પ્રા.શિ.નિયામકશ્રીનો તા. ૬/૫/૧૪ નો પત્ર ક્રમાંક-પ્રાશિનિ/ચ-૧/નવી બાબત/૧૪૧૫/૯૧૨-૧૩
(૪) પ્રા.શિ.નિયામકશ્રીનો તા. ૬/૫/૧૪ નો પત્ર ક્રમાંક-પ્રાશિનિ/ચ-૧/નવી બાબત/૧૪૧૫/૯૧૨-૧૩

**ઠ રા વ :-**

સંદર્ભ-૧ માં જણાવેલ ઠરાવથી શિક્ષકો માટેના ગુજરાત રાજય પારિતોષિકની યોજના અમલમાં હતી તેમાં ગુજરાત રાજય પારિતોષિકના નિયમોનું પુનઃગઠન કરવામાં આવ્યું હતું ત્યારબાદ સંદભ-૨ ના ઠરાવથી રાજય અને રાષ્ટ્રીય પારિતોષિક એવોર્ડ વિજેતા શિક્ષકોની ગુણવત્તા ઉંચી જળવાઇ રહે તે માટે એક સમિતિની રચના કરવામાં આવેલ હતી.

(૨) રાજયમાં શ્રેષ્ઠ શિક્ષકોની ગુણવત્તા ઉંચી જળવાઇ રહે તે માટે આ યોજનામાં ફેરફાર કરવાની બાબત વિચારણા હેઠળ હતી અને આ માટે રાજયના પ્રાથમિક શિક્ષકોને તાલુકા, જીલ્લા અને રાજય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવા અંગે તાલુકા કક્ષાએ તાલુકા દીઠ ૨ એવોર્ડ માટે એવોર્ડ દિઠ-૫,૦૦૦/- રોકડા, શાલ અને પ્રમાણપત્ર, જીલ્લા કક્ષાએ જીલ્લા દીઠ ૪ એવોર્ડ માટે એવોર્ડ દીઠ રુા.૧૫,૦૦૦/- રોકડા, શાલ અને પ્રમાણપત્ર તથા રાજય કક્ષાએ ૪૭ એવોર્ડ માટે એવોર્ડ દીઠ રુા.૫૧,૦૦૦/- ની રકમના પુરસ્કાર, શાલ, તામ્રપત્ર આપવામાં આવશે આ ઉપરાંત જે તે શાળા માટે એક બ્રાસ પ્લટ કે તામ્રપત્ર આપવામાં આવશે પુરસ્કાર તેમજ ૩ પુરસ્કારો ખાનગી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે પણ એનાત કરવાના રહેશે આ માટે સમારંભ ખર્ચને પહોંચી વળવા માટે જીલ્લા દીઠ રુા. ૨/- લાખ અને રાજય કક્ષાએ રુા.૨૦/- લાખ મળી સને ૨૦૧૪ માટે બિન આદિજાતિ વિસ્તાર માટે રુા. ૧૫૩,૫૫,૦૦૦/- (૧૫૩.૫૫ લાંખ) ના ખર્ચની નીચેની શરતોએ અનુમતી આપવામાં આવે છે.

**શ ર તો ::-**

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાં વિભાગની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરુરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુર અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના બિન આદિવાસી વિસ્તાર માટે માંગણી નં.૯-સદર ૨૨૦૨-૦૪-૧૦૬-૮૦૦-૧૬ ઈડીએન-૭૮ કન્યા કેળવણી રથયાત્રા હેઠળ મંજુર રહેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

૩/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા. ૧૯/૦૬/૨૦૧૩ ની નોંધથી અને નાણાં વિભાગની તા. ૨૦/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એન. બ્રહમભટ્ટ )
**સેકશન અધિકારી,**
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથ./ઉચ્ચ.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(પ્રા.શિ.), શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારુ રવાના
- સિલેક્ટ ફાઈલ/ નાયબ સેકરન અધિકારી સિલેકટ ફાઈલ.

નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
સિલેકટ ફાઈલ.